પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૪) અંક નં. ૧૩૦ | ૨૦ જુલાઈ, ૨૦૧૯, શનિવાર; અષાઢ વદ - ૩ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# કર-નાટકનો અંતિમ અંક સોમવારે



### કર્ણાટકમાં બહુમત પરીક્ષણ વિના કાર્યવાહી સ્થગિત થઇ : સતત બીજા દિવસે વોટિંગ વગર કાર્યવાહી સ્થગિત : કર્ણાટકમાં કુમારસ્વામીની ખુરશી બચશે કે જશે તેને લઇને ડ્રામાબાજી વચ્ચે સત્ર ૨૨ સુધી સ્થગિત કરી દેવામાં આવ્યું

બેંગ્લોર, તા. ૧૯

કર્ણાટકમાં રાજકીય ડ્રામાનો દોર જારી છે. આજે સતત બીજા દિવસે વિશ્વાસમત વગર જ કાર્યવાહીને સ્થગિત કરી દેવામાં આવી હતી. કર્ણાટકના મુખ્યમંત્રી કુમારસ્વામીની ખુરશી બચશે કે નહીં તે અંગે રાજકીય ડ્રામાબાજી વચ્ચે આજે પણ બહુમત પરીક્ષણ માટે મતદાન થયું ન હતું. કર્ણાટક વિધાનસભાના સત્રને હવે ૨૨મી જુલાઈ સુધી સ્થગિત કરી દેવામાં આવ્યું છે. વિશ્વાસમત માટે હવે સોમવારના દિવસે મતદાન થશે. બીજી બાજુ ભાજપના નેતા સુરેશકુમારે કહ્યું છે કે જો કાર્યવાહીને લાંબી ખેંચાશે તો વિશ્વાસમતના મહત્વને ખતમ કરી દેવામાં આવશે. બીજી બાજુ અસંતુષ્ટ ધારાસભ્યોના નિર્ણયની સામે કોંગ્રેસ પાર્ટી સુપ્રીમ કોર્ટમાં પહોંચી ગઈ છે. મુખ્યમંત્રી કુમારસ્વામી પણ રાજ્યપાલની દરમિયાનગીરીને લઈને સુપ્રીમ કોર્ટમાં પહોંચી ગયા છે. ગઈકાલે ગુરૂવારના દિવસે જોરદાર અને લાંબા ચર્ચા ચાલ્યા બાદ આજે બીજા દિવસો ફરી ચર્ચા શરૂ કરવામાં આવી હતી. બીજી બાજુ વિશ્વાસમત પર ચર્ચાને ગઈકાલે રાત્રે સ્થગિત કરવામાં આવ્યા બાદ ભારતીય જનતા પાર્ટીના ધારાસભ્યોએ આની સામે દેખાવો રાતભર કર્યા હતા. ભાજપના ધારાસભ્યો રાત્રી ગાળા દરમિયાન ધરણા પર રહ્યા બાદ કોંગ્રેસના અને જેડીએસના કેટલાક સભ્યો ચા નાસ્તા સાથે પહોંચ્યા હતા.

● અનુસંધાન પાન-૭ પર

## પાકિસ્તાન કુલભૂષણ જાધવને કોન્સ્યુલર એક્સેસ આપવા સહમત



ન્યુ દિલ્હી,તા.૧૯

પાકિસ્તાન ભારતીય નાગરિક કુલભૂષણ જાધવને કોન્સ્યુલર એક્સેસ આપવા માટે સહમત થયું હોવાનું વિદેશ મંત્રાલયે જણાવ્યું છે. પાકિસ્તાન પોતાના નિયમો મુજબ જાધવને કોન્સ્યુલર એક્સેસ આપશે. વિદેશ મંત્રાલયે વધુમાં જણાવ્યા મુજબ જાધવને વિયેના સંધી અંતર્ગત કોન્સ્યુલર એક્સેસના અધિકાર વિશે જણાવવામાં આવ્યું છે. 'ઈન્ટરનેશનલ કોર્ટ ઓફ જસ્ટિસના મહત્વપૂર્ણ ચુકાદાને પગલે કમાંડર કુલભૂષણ જાધવને કોન્સ્યુલર એક્સેસ માટેની વિયેના સંધીના આર્ટિકલ ૩૬ના પેરેગ્રાફ ૧ (બી) હેઠળના અધિકાર વિશે જણાવવામાં આવ્યું છે,' તેમ વિદેશ મંત્રાલયે શુક્રવારે એક નિવેદનમાં જણાવ્યું હતું. પાકિસ્તાન એક જવાબદાર દેશ હોવાના નાતે પાક.ના કાયદા મુજબ કમાંડર કુલભૂષણને કોન્સ્યુલર એક્સેસ આપશે. આ માટેની પ્રક્રિયા હાથ ધરવામાં આવી રહી હોવાનું વિદેશ મંત્રાલયે ઉમેર્યું હતું. ૪૯ વર્ષીય જાધવ ભારતના નૌસેનાના નિવૃત અધિકારી છે અને તેને પાકિસ્તાનની લશ્કરી કોર્ટે જાસૂસીના આરોપ બદલ ફાંસીની સજા ફટકારી હતી. પાકિસ્તાનની લશ્કરી કોર્ટના નિર્ણયને ભારતે આઈસીજેમાં પડકાર્યો હતો. બુધવારે આઈસીજેના ૧૬ જજોની બેન્ચે ૧૫-૧ના બહુમતથી જાધવની ફાંસીની સજા પર રોક લગાવવા આદેશ આપ્યો હતો તેમજ તેને કોન્સ્યુલર એક્સેસ આપવા પણ જણાવ્યું હતું.

# સોયાબીન અને કઠોળ ઉત્પાદન ઘટવાના સંકેત

### ઓછા વરસાદના પગલે ભારતમાં ખરીફની વાવણી સરેરાશ કરતા ૩૩ ટકા ઓછી : ભાવ વધારાને રોકવા માટે પહેલાથી જ કઠોળની આયાત કરાઈ : પુરતો જથ્થો હોવા છતાં ભાવ વધારાને રોકવા માટે તમામ પગલા : કપાસ, મકાઈની આયાત

નવીદિલ્હી, તા. ૧૯

મોનસુની વરસાદ શરૂ થવામાં વિલંબ અને તે પહેલા વધારે વરસાદવાળા વિસ્તારોમાં લાંબા સમય સુધી સુખાની સ્થિતિના પરિણામ સ્વરુપે સોયાબીન, મગ અને અડદ જેવી ખરીફ પાકના ઉત્પાદનમાં આ વખતે માઠી અસર થવાની શક્યતા છે. સોયાબીન, કઠોળના ઉત્પાદનમાં ઘટાડો થવાની સ્થિતિમાં જરૂરી ચીજવસ્તુઓની કિંમતોમાં વધારો થવાના સંકેત દેખાઈ રહ્યા છે. સોયાબીન, મગ અને અડદ જેવા પાકના ઉત્પાદનમાં ઘટાડો થવાની સ્થિતિમાં સરકારની ચિંતા વધી શકે છે. અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે, ભારતમાં ખરીફ વાવણી ૧૧મી જુલાઈના આંકડા મુજબ ૩૩ ટકા ઓછી રહી છે. ભારતમાં વર્ષ ૨૦૧૮-૧૯માં કપાસની આયાત અગાઉના વર્ષની સરખામણીમાં બે ગણી તેવી શક્યતા દેખાઈ રહી છે. આવી જ રીતે સરકારે હાલમાં જ તુવેરના આયાત ક્વોટાને બે લાખ ટનથી વધારીને ચાર લાખ ટન કરવાની જાહેરાત કરી હતી. દેશના લોકો મોનસુનને લઈને ચિંતાતુર બનેલા છે. ભારતે પહેલાથી જ મકાઈ અને કપાસની આયાતને અછતને ધ્યાનમાં લઈને વધારી દીધી છે. દેશમાં પુરતા પ્રમાણમાં જથ્થો હોવા છતાં સરકારે કઠોળ માટેના આયાત ક્વોટાને બે ગણો કરી દીધો છે. સામાન્ય મોનસુનથી ઓછો વરસાદ રહેવાની સ્થિતિમાં કિંમતોમાં વધારો થઈ શકે છે. ભાવમાં વધારો થવાની સ્થિતિમાં સામાન્ય લોકોની મુશ્કેલી ન વધે તે દિશામાં પગલા લેવામાં આવી રહ્યા છે. પહેલાથી જ વાવણી થઈ ચુકેલા પાકને બચાવવા માટે વરસાદના સારા રાઉન્ડની રાહ દેશના લોકો જોઈ રહ્યા છે. વાવણીના વિસ્તારોમાં પણ હજુ સુધી સારો વરસાદ થયો નથી. ૧૧મી જુલાઈના આંકડા મુજબ ખરીફ વાવણી આ વર્ષ માટે હજુ સુધી સામાન્ય કરતા ૩૩ ટકા ઓછી રહી છે. ૨૦૧૮માં નોર્મલ મોનસુની વરસાદની સરખામણીમાં આ વખતે ઓછો વરસાદ રહેવાની વાત પહેલાથી જ કરવામાં આવી ચુકી છે. તેલિબિયા વાવણી દેશભરમાં સરેરાશ કરતા ૧૭ ટકા ઓછી છે જ્યારે તેલિબિયાના પાક માટે મુખ્ય ગણાતા સોયાબીન સામે પણ ઓછા વરસાદના લીધે ખતરો ઉભો થયો છે.

મરાઠવાડા અને વિદર્ભ જેવા વિસ્તારોમાં ઓછો વરસાદ થઈ રહ્યો છે. મરાઠવાડામાં ઓછા વરસાદના કારણે સ્થિતિ વણસી રહી છે. જો અમને ઓછો વરસાદ આગાહી મુજબ જ મળશે તો ઓછા વરસાદના લીધે સોયાબીનના ક્ષેત્રમાં લાભ ઘટી શકે છે.

## ન્યુઝ ટ્રેક

### દુનિયાભરમાં વડાપ્રધાન મોદી સૌથી લોકપ્રિય ભારતીય

દુનિયાભરમાં પોતાના કામના કારણે પ્રશંસા મેળવનાર વ્યક્તિઓની યાદી જાહેર કરવામાં આવી છે. આ યાદીમાં સમગ્ર દુનિયાના દિગ્ગજોએ સ્થાન મેળવ્યું છે. પુરુષ અને મહિલાની અલગ-અલગ યાદીમાં ૨૦-૨૦ લોકોના નામ સામેલ કરવામાં આવ્યા છે. પુરુષોની યાદીમાં બિલ ગેટ્સનું નામ મોખરે છે જ્યારે મહિલાઓની યાદીમાં મિશેલ ઓબામાએ પહેલા નંબર પર સ્થાન મેળવ્યું છે.

આ યાદીમાં ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ છઠ્ઠા નંબર પર સ્થાન મેળવ્યું છે. જ્યારે ભારતીય અભિનેતા અને અભિનેત્રીઓને પણ આ યાદીમાં સ્થાન મળ્યું છે. પુરુષોની યાદીમાં સદીના મહાનાયક અમિતાભ બચ્ચનનું નામ ૧૨માં નબંર પર છે જયારે ૧૬માં નંબર પર શાહરૂખ ખાન અને ૧૮માં નંબર પર સલમાન ખાનનું નામ છે.

### ઉ.પ્રદેશ સરકાર પાણી બચાવશે

દેશમાં એક મોટા ભાગનો વિસ્તાર સતત પાણીની સમસ્યાનો સામનો કરી રહ્યો છે. તેને જોતા યુપી સરકારે પાણી બચાવવાનો એક અનોખો નિર્ણય લીધો છે. ઉત્તર પ્રદેશ વિધાનસભામાં હવે ધારાસભ્યોને પીવાના માટે અડધો ગ્લાસ પાણી જ મળશે. બીજી વખત માંગવા પર પાણી મળશે. પરંતુ આવું કરવા પાછળનું કારણ પાણીને બચાવવાનું છે.

### પાકિસ્તાનમાં મોંઘવારી આસમાને: ૧ રોટલીની કિંમત ૨૦થી ૩૦ રૂપિયા..!

કંગાળ થવાના આરે ઉભેલા પાકિસ્તાનમાં લોકો મોંઘવારીના ડામ સહન કરવા મજબૂર છે. ઘઉં અને લોટના ભાવ આસમાને પહોંચી ગયા છે. સ્થિતિ ન બગડે તે માટે ઈમરાન સરકારને ઘઉં અને લોટની નિકાસ પર તાત્કાલિક પ્રતિબંધ લગાવવાનો નિર્ણય લીધો છે.

# અમેરિકાએ ઈરાનનું ડ્રોન તોડી પાડતાં તંગદિલી

વૉશિંગ્ટન,તા.૧૯

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે દાવો કર્યો છે કે, હોરમુજની ખાડીમાં તહેનાત તેમની સબમરીને ગુરુવારે એક ઈરાની ડ્રોન તોડી પાડ્યું છે. ટ્રમ્પે વ્હાઈટ હાઉસથી નિવેદન જાહેર કરીને કહ્યું છે કે, સબમરીન યુએસએસ બોક્સરે બચાવ માટે આ કાર્યવાહી ત્યારે કરી જ્યારે ઈરાનનું ડ્રોન તેનાથી માત્ર ૧૦૦૦ યાર્ડ્સ (૯૧૮ મીટર)ના અંતરે હતું. ડ્રોનથી શિપ અને તેના ક્રૂ મેમ્બર્સને જીવનું જોખમ હતું. શિપના હુમલાથી ડ્રોન સંપૂર્ણ પણે તોડી પડાયું છે.

### ઈરાને ડ્રોન તોડી પડાયો હોવાનો દાવો નકાર્યો

અમેરિકાની આ હરકતના કારણે બંને દેશો વચ્ચે તણાવ વધી ગયો હોવાનો ક્યાસ લગાવવામાં આવી રહ્યો છે. પરંતુ ઈરાનના વિદેશ મંત્રી જાવેદ ઝરીફે ટ્રમ્પના દાવાને નકારી દીધો છે. ઝરીફે ગુરુવારે સંયુક્ત રાષ્ટ્ર મહાસચિવ એન્ટોનિયો ગુટેરેસ સાથે મુલાકાતમાં સામેલ હતા. તેમણે કહ્યું કે, મને અમારું કોઈ પણ ડ્રોન તોડી પાડવામાં આવ્યું હોય તેવી માહિતી મળી નથી. ઈરાનના એમ્બેસેડરે પણ અમેરિકાનો દાવો માનવાનો ઈનકાર કર્યો છે.

● અનુસંધાન પાન-૭ પર













